# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સિંગાપુરના પ્રધાનમંત્રી વચ્ચે નવી દિલ્હીમાં બેઠક.**
2. **કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ કહ્યું, વસ્તુ અને સેવા કર સુધારાઓથી આરોગ્ય સેવાના ખર્ચમાં ઘટાડો થશે અને લોકોનું જીવન વધુ સરળ બનશે.**
3. **અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જૉન બૉલ્ટને રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પની આકરી ટીકા કરી.**
4. **આગામી ત્રણ દિવસ ગુજરાત અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં અત્યંત ભારે વરસાદની આગાહી**
5. **બિહારમાં પુરુષ એશિયા કપ હૉકી ચેમ્પિયનશીપના સુપર ફોર તબક્કાની બીજી મેચમાં આજે ભારત અને મલેશિયાનો મુકાબલો.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# INDIA SINGAPORE MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં સિંગાપોરના પ્રધાનમંત્રી લૉરેન્સ વૉન્ગ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની ચર્ચા કરી રહ્યા છે. શ્રી વૉન્ગ પ્રધાનમંત્રી મોદીના આમંત્રણ પર ત્રણ દિવસના ભારત પ્રવાસે છે. બેઠક દરમિયાન બંને પક્ષ દ્વારા બંને દેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધ અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા થશે.

આ પહેલા વિદેશમંત્રી ડૉક્ટર એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં સિંગાપોરના પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી. ડૉક્ટર જયશંકરે ભારત-સિંગાપોર સંબંધને મજબૂત કરવા માટે તેમના સતત પ્રયાસની પ્રશંસા કરી. તેમણે પ્રધાનમંત્રી મોદી અને સિંગાપોરના પ્રધાનમંત્રી વચ્ચેની વાટાઘાટો બંને દેશ વચ્ચે સમકાલીન સંબંધ માટે એક વ્યૂહરચના તૈયાર કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રી વૉન્ગનો આ પ્રવાસ બંને દેશના રાજદ્વારી સંબંધની 60-મી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહ્યો છે અને આ પ્રવાસ બંને દેશના પ્રધાનમંત્રીના પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતર-રાષ્ટ્રીય મુદ્દાઓ પર વાતચીત કરવાની તક પૂરી પાડે છે. વિદેશ મંત્રાલયે કહ્યુ, સિંગાપોર ભારત માટે એક મહત્વનું ભાગીદાર છે, જેમાં ઍક્ટ ઇસ્ટ નીતિ પણ સામેલ છે અને ગત ડિસેમ્બરમાં પ્રધાનમંત્રી મોદીના સિંગાપોર પ્રવાસ દરમિયાન

બંને દેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NADDA HEALTH GST

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ કહ્યું, વસ્તુ અને સેવા કર- **GST** સુધારાઓથી આરોગ્ય સેવાના ખર્ચમાં ઘટાડો થશે અને લોકોનું જીવન વધુ સરળ બનશે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી નડ્ડાએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગામી પેઢીના **GST** સુધારા આર્થિક રીતે નબળા લોકો અને મધ્યમ વર્ગ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

શ્રી નડ્ડાએ કહ્યું, કર્કરોગ અને દુર્લભ બીમારીઓની સારવાર સહિત 36 જીવનરક્ષક દવાઓ પર **GST** શૂન્ય ટકા કરાયો છે. તેમણે કહ્યું, આરોગ્ય અને જીવન વીમાને **GST**માંથી મુક્તિ અપાઈ છે. દવાઓ, ચિકિત્સા ઉપકરણો અને નિદાન વિજ્ઞાન પર પણ **GST** ઘટાડાયો છે. શ્રી નડ્ડાએ કહ્યું, આ નિર્ણય તમામ લોકો માટે રાહત દરે આરોગ્ય સેવાની દિશામાં મોટું પગલું છે.

જીએસટી ઘટાડાના નિર્ણયને સામાન્ય નાગરિકોએ આવકાર્યો અને પોતાની પ્રતિક્રિયા આપી છે.

(બાઇટ- વોક્સપોપ  જીએસટી રીફોર્મ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR BANDH NDA

બિહારમાં શાસક ભાજપ અને જેડી(યુ)ના નેતૃત્વ હેઠળના એનડીએ દ્વારા જાહેર કરાયેલા રાજ્યવ્યાપી બંધની નોંધપાત્ર અસર જોવા મળી રહી છે.

દરભંગામાં કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળના મંચ પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમની માતાને નિશાન બનાવીને કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીના વિરોધમાં એનડીએ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું છે.

ભાજપ અને જનતા દળ (યુનાઇટેડ) સહિત એનડીએના ઘટક પક્ષોના નેતાઓ સવારથી જ વિવિધ સ્થળોએ ધરણા અને પ્રદર્શન કરી રહ્યા છે. પટના, બેગુસરાય, મુંગેર, ભાગલપુર, શિવહર અને ભોજપુર સહિત તમામ જિલ્લાઓમાં બંધની અસર જોવા મળી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHHTTISGARH MAOISTS SURRENDED

છત્તીસગઢના સુકમા જિલ્લામાં નવ મહિલા સહિત 20 માઓવાદીએ આત્મસમર્પણ કર્યું. આ તમામ ઉપર 33 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરાયું હતું. આ માઓવાદીઓએ ગઈકાલે સુકમાના પોલીસ અધિક્ષક કચેરી ખાતે કેન્દ્રીય અનામત પોલીસ દળ- CRPFના નાયબ મહાનિરીક્ષક રાજેશકુમાર પાંડે અને અન્ય વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આત્મસમર્પણ કર્યું હતું. પોલીસ અધિક્ષક કિરણ ચૌહાણે કહ્યું, આ તમામ માઓવાદી કથિત રીતે હિંસાની અનેક ઘટનામાં સામેલ હતા.

---------

# JHARKHAND OPERATION

ઝારખંડના પલામુ જિલ્લાના મનાતુ પોલીસ મથક વિસ્તારના કેદલના જંગલમાં, 10 લાખ રૂપિયાનું ઈનામ ધરાવતા પ્રતિબંધિત સંગઠન થર્ડ કોન્ફરન્સ પ્રેઝન્ટેશન કમિટી કમાન્ડર શશિકાંતની ટુકડી અને પોલીસ વચ્ચે અથડામણ થઈ. જેમાં જિલ્લા પોલીસ દળના બે જવાન, શહીદ થયા હતા, જ્યારે એક જવાન રોહિત કુમાર ઈજાગ્રસ્ત થયો હતો.

ગુરુવારે વહેલી સવારે 2 વાગ્યે, ઈજાગ્રસ્ત જવાનને સરકારી હોસ્પિટલમાં લવાયા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. માહિતીના આધારે પોલીસે વિસ્તારમાં તપાસ અભિયાન શરૂ કર્યું હતું.

આ દરમિયાન નકસલીવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો. પોલીસે પણ વળતો જવાબ આપ્યો. આ અથડામણમાં કેટલાક નકસલીઓ ઈજાગ્રસ્ત થયા અને માર્યા ગયા હોવાની માહિતી છે. પરંતુ તેમના મૃતદેહ હજુ સુધી મળ્યા નથી. વિસ્તારને ઘેરી લઈને તપાસ અભિયાન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . . .

## CHIEF JUSTICE OF INDIA BHUSHAN RAMKRISHNA

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ભૂષણ રામકૃષ્ણ ગવઈ આજે સાંજે કાઠમાંડુ પહોંચશે. તેઓ આવતીકાલે કાઠમાંડુમાં નેપાળ–ભારત ન્યાયિક સંવાદમાં ભાગ લેશે અને નેપાળના મુખ્ય ન્યાયાધીશ પ્રકાશમાન સિંહ રાવત સાથે એક વિશેષ બેઠક કરશે.

પદ સંભાળ્યા બાદ આ તેમનો પહેલો નેપાળ પ્રવાસ હશે. ન્યાયાધીશ બી. આર. ગવઈ ભારતના 52-મા મુખ્ય ન્યાયમૂર્તિ છે. તેઓ બૌદ્ધ સાંસ્કૃતિક શહેર લુમ્બિની તેમજ કાઠમાંડુમાં યુનેસ્કો સાંસ્કૃતિક વારસાના સ્થળ પાટણ અને પશુપતિનાથની પણ મુલાકાત લેશે.

બંને પડોશી વચ્ચે સતત ન્યાયિક સહકાર રહ્યો છે. આ પહેલા વર્ષ 2024માં પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડે નેપાળના મુખ્ય ન્યાયાધીશ વિશ્વમ્ભર પ્રસાદ શ્રેષ્ઠના આમંત્રણ પર નેપાળનો ત્રણ દિવસનો સત્તાવાર પ્રવાસ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## US JOHN BOLTON

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જૉન બૉલ્ટને ગઈકાલે રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પની આકરી ટીકા કરી. તેમણે ભારત પર લગાવાયેલા 50 ટકાના વેરાની પૃષ્ઠભૂમિમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રશિયા અને ચીનની નજીક લાવવા બદલ ટીકા કરી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી બૉલ્ટને કહ્યું, વ્હાઈટ હાઉસે શ્રી મોદીને રશિયા અને ચીનની નજીક લાવીને અમેરિકા–ભારત સંબંધોને દાયકાઓ પાછળ ધકેલી દીધા છે. બેઇજિંગે પોતાને અમેરિકા અને ડૉનાલ્ડ ટ્રમ્પના વિકલ્પ તરીકે રજૂ કર્યું છે.

શ્રી બૉલ્ટને ટ્રમ્પની વેરાની નીતિની ટીકા કરતા કહ્યું, આ નીતિએ ભારતને તત્કાલિન સોવિયત સંઘ એટલે કે, રશિયા સાથે શીતયુદ્ધના સંબંધથી દૂર કરવામાં અને ચીનથી વધતા જોખમને પહોંચી વળવાના પશ્ચિમના પ્રયાસને દાયકાઓ સુધી ધ્વસ્ત કરી દીધા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD WEATHER

હવામાન ખાતાએ ગુજરાત ક્ષેત્રમાં આગામી ત્રણ દિવસ અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં આવતીકાલ સુધી અત્યંત ભારે વરસાદની ચેતવણી આપી

છે. દરમિયાન વિદર્ભ, છત્તીસગઢ અને ઓડિશામાં કેટલાક સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે.

તો પૂર્વ રાજસ્થાન, કોંકણ અને ગોઆ, મધ્ય મહારાષ્ટ્ર અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદની નારંગી ચેતવણી અપાઈ છે. હવામાન ખાતાએ દક્ષિણ કર્ણાટકના આંતરિક ભાગ અને તેલંગાણામાં વિવિધ સ્થળ પર ગાજવીજ સાથે વીજળી અને ભારે પવન ફૂંકાવવાની પણ શક્યતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR ASIA CUP

બિહારમાં પુરુષ એશિયા કપ હૉકી ચેમ્પિયનશીપના સુપર ફોર તબક્કાની બીજી મૅચમાં ભારતીય ટીમ આજે સાંજે મલેશિયા સામે રમશે. રાજગીર આંતર-રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે સાંજે સાડા સાત વાગ્યાથી આ મૅચ રમાશે. ભારતની પહેલી મૅચ ગઈકાલે સાંજે કૉરિયા સામે 2—2થી ડ્રૉ રહી હતી.

અન્ય એક સુપર ફોર મુકાબલામાં ચીન આજે કૉરિયા સામે રમશે. કૉરિયા અને ચીન વચ્ચેની મૅચ સાંજે પાંચ વાગ્યાથી શરૂ થશે. સુપર ફોર

તબક્કામાં ટોચની બે ટીમ સાત સપ્ટેમ્બરે રમાનારી ફાઈનલ માટે ક્વાલિફાય થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J K IMC-TEAM

તાજેતરના ભારે વરસાદ અને વાદળ ફાટવાથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા, જમ્મુના તમામ પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેવા સાત સભ્યોની એક ઉચ્ચ સ્તરીય આંતર-મંત્રાલય કેન્દ્રીય ટુકડી-**IMCT** જમ્મુ પહોંચી છે.જેનું નેતૃત્વ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ-**NDMA** ના સલાહકાર કર્નલ કેપી સિંહ કરી રહ્યા છે.

આ ટુકડી આજે જમ્મુ, સાંબા અને કઠુઆ જિલ્લા, આવતીકાલે ઉધમપુર, રિયાસી અને રામબન, 6 સપ્ટેમ્બરે કિશ્તવાડ અને ડોડા તથા 7 સપ્ટેમ્બરે રાજૌરી અને પૂંચ જિલ્લાની મુલાકાત લેશે.પૂર સંબંધિત પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની જમ્મુની મુલાકાત બાદ આ ઉચ્ચ સ્તરીય ટીમ જમ્મુ પહોંચી છે.

આ ટીમ નવી દિલ્હી પરત ફર્યા બાદ ગૃહ મંત્રાલયને પોતાનો અહેવાલ સુપરત કરશે, જેના આધારે કેન્દ્ર સરકાર પૂરથી પ્રભાવિત નાગરિકો માટે રાહત અને પુનર્વસન પેકેજ અને માળખાગત

પુનઃર્નિર્માણની જાહેરાત કરી શકે છે. આ ટુકડીમાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ,વીજળી, ગ્રામીણ વિકાસ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, જળ શક્તિ અને નાણા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .